જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૯/૦૯/૨૦૨૫ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૨૬૯/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૨ કેસ કરી, ૪૦ વ્યક્તિઓને ઝડપી, ૫૦૮ લીટર દેશી દારૂ, ૧૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૨૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૧ મોટર સાયકલ અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૪ કેસ કરી, ૦૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૯,૮૭૫/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૨૭૦/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૨૭૧/૨૦૨૫**

વાસણાઃ અશોકભાઈ રતીભાઈ પટેલ (ઉ.વ.૫૭) (રહે. વિનશ અલ્ટીમાં હેબતપુર રોડ થલતેજ) એ તા.૦૮/૦૯/૨૦૨૫ ના રોજ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે અશોકભાઈ પટેલ વાસણા વિજય કોમ્પ્લેક્ષ ખાતે આવેલ શ્રી રંગ ચશ્મા ઘર નામની દુકાન ધરાવી ધંધો કરતા હોય તા.૦૧/૦૫/૨૦૨૪ થી તા.૩૦/૦૮/૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી દિવ્યેશ અશોકભાઈ પ્રજાપતિ (રહે. ભાડાના મકાનમાં જી/૨૦૩ શ્રીનાથ રેસિડેન્સી, આકૃતી ટાઉનશીપ પાછળ નારોલ) નાઓ અશોકભાઈ પટેલની દુકાન ખાતે આવેલ અને વાસણા ઘરણીઘર ખાતે આવેલ એકસીસ બેંકમાં નોકરી કરતા હોવાની ઓળખ આપી જણાવેલ કે અમારી બ્રાન્ચમાં તમારું ખાતુ છે તે બ્રાંચમાથી આવુ છુ. અને મને મારા સાહેબે કહેલ છે કે જેના કરંટ ખાતામા વધારે રૂપિયા જમા રહેતા હોય તેવા કસ્ટમરને ત્યાં જઈને તેઓની ત્યાં સ્વાઈપ મશીનમાં કોઈ પ્રોબલેમ હોય તે પ્રોબલેમ સોલ કરવાની જવાબદારી અમારી છે. તેવુ જણાવી આ દિવ્યેશ પ્રજાપતિએ અશોકભાઈ પટેલને વિશ્વાસમાં લઈ બે કરન્ટ ખાતામાં પડેલ રૂપિયા ઉપર એફ.ડી.કરવાનું કહી તેમાં તમને વધારે વ્યાજ મળશે તેવી વાત કરીને અલગ–અલગ તારીખે અલગ–અલગ રકમના અશોકભાઈ પટેલના એકસીસ બેન્કના ખાતાના ચેક લખાવી કુલ રૂપિયા ૫૦,૦૦,૦૦૦/– ના ચેક લઈ જઈ સદર ચેક અશોકભાઈ પટેલના ખાતામાં એફ.ડી.કરવાના બદલે ચેક અન્ય વ્યક્તિના ખાતામાં પાસ કરાવી તેના બદલામાં એકસીસ બેંક લખેલ કોમ્પ્યુટર રાઈઝ એફ.ડી.ની ખોટી બનાવેલ રીસીપ્ટ અશોકભાઈ પટેલને આપી ઠગાઈ કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.કે.ગલ ચલાવે છે.

નિકોલઃ નિકોલ તળાવ પાસે પાંડવવાડીની બાજુમાં સુજાતા સોસાયટી ખાતે રહેતી મહિલા એ તા.૦૮/૦૯/૨૦૨૫ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે મહિલા "સુવાસવાલા કોમ્પ્લેક્ષ" ખાતે EEC ક્લાસીસમાં IELTS ના અભ્યાસ કરવા જતી હતી ત્યાં ક્લાસીસમાં અભ્યાસ કરતી રોશની જયેશભાઇ વાઘેલા (રહે. વૈભવ પાર્ક સોસાયટી, સમય બંગ્લોઝની બાજુમાં, નિકોલ) નાઓ સાથે મુલાકાત તથા તેઓની સાથેની વાતચીતમાં તેઓ જીવરાજ પાર્ક ખાતે "રાહી ટુર અને ટ્રાવેલ્સ પ્રા.લી." ખાતે પાર્ટ ટાઇમ નોકરી કરતા હોવાનું જણાવેલ. જેથી મહિલાને યુકે વર્ક પરમીટ ઉપર જવાનું જણાવતા, રોશની વાઘેલાએ મહિલાને રાહી ટુર અને ટ્રાવેલ્સ પ્રા.લી.ના માલીક યમન રાજેશભાઈ ડાભી (રહે. અભિલાષા સોસાયટી મલાવ તળાવ પાસે જીવરાજ પાર્ક) સાથે મુલાકાત કરાવતા મહિલાએ યુકે વર્ક પરમીટ ઉપર જવાનું જણાવતા તા.૨૬/૦૫/૨૦૨૪ થી તા.૧૬/૦૨/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન યમન ડાભી અને રોશની વાઘેલા એ ભેગા મળી યુકે વર્ક પરમીટ વિઝા માટેની પ્રોસેસ પેટે મહિલા પાસેથી રૂપિયા ૧૫,૦૦,૦૦૦/– મેળવી લઈ નોકરીના ખોટા ડોક્યુમેન્ટ આપી તેમજ વર્ક પરમીટ વિઝા નહી કરાવી મહિલા સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.વી.બારીઆ ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર ચાદી નં.૧૨૭૨/૨૦૨૫**

વેજલપુરઃ આબીદહુસેન મોહંમદહુસેન મણીયાર (ઉ.વ.૪૨) (રહે. તોહીદપાર્ક ઇબ્રાહીમ મસ્જીદ પાસે ફતેવાડી ટાવર ફતેવાડી) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૦૮/૨૦૨૫ થી તા.૦૨/૦૯/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના પાછળનો દરવાજો તથા બારી તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના–ચાંદીના દાગીના કિમત રૂપિયા ૧,૧૪,૦૦૦/– અને રોકડ રૂપિયા ૮૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧,૯૪,૦૦૦/–મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.એમ.બોખતરીયા ચલાવે છે.

શેડ ઉપરથી પડી જતા મૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૧૨૭૩/૨૦૨૫**

નારોલઃ સુરેશ રમેશ બોરાણા (ઉ.વ.૨૯) (રહે. ગજાનંદ ફ્લેટ રીલાયન્સ પેટ્રોલપંપ પાછળ વવાલ) તા.૦૮/૦૯/૨૦૨૫ બપોરના ૦૨/૫૦ વાગ્યાના સુમારે દ્વારકેશ ટેક્ષ્ટાઇલ્સ શાહવાડી નારોલ ખાતે કામ કરતા હતા ત્યારે પતરાના શેડ ઉપરથી નીચે પડી જતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી શાર્દુલભાઇ ગણપતભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૨૭૪/૨૦૨૫**

કૃષ્ણનગરઃ રાખી વા/ઓ વિજયભાઇ વર્મા (ઉ.વ.૧૯) (રહે. ચિત્રકુટ આવાસ યોજના મનહોર વિલા ચાર રસ્તા પાસે કૃષ્ણનગર) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૯/૨૦૨૫ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એમ.ઠાકોર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી